
# તપસ્વીનો પ્રભાવ



એક રાજા એક દિવસ પોતના રાજમહેલના ઝરૂખામાં બેઠા હતા. એ સમયમાં એમણે એક તપસ્વીને રસ્તામાં જતા જોયા. રાજાએ તપસ્વીને પોતાના રાજમહેલમાં બોલાવ્યા, ખૂબ આદર સત્કાર કર્યો. ખૂબ જ વિનમ્રતાપૂર્વક બેસાડ્યા અને ભાવથી ભોજન કરાવ્યું, પછી રાજાએ તપસ્વીને પૂછ્યું- "આપ ક્યાંથી આવો છો ?" તપસ્વીએ પોતાની બધી જ વાત કહી. રાજાએ તપસ્વીને થોડા દિવસો પોતાને ત્યાં રહેવા માટે પ્રાર્થના કરી.

રાજાએ તપસ્વી માટે પોતાના બાગમાં એક નાનકડી ઝુંપડી બનાવી આપી. ત્યાં તપસ્વી રહેવા લાગ્યા. રાજા દરરોજ તપસ્વીની પાસે જતા હતા, અને તેમની સાથે પ્રજા અને રાજકાજ સંબંધી વાતો કર્યા કરતા હતા. રાજવ્યવહાર વિશેની ખૂબ ચર્ચા વિચારણા કરતા હતા. થોડા સમય પછી તપસ્વીએ જવા માટે રાજાની રજા માગી. રાજાએ તપસ્વીને રહેવા માટે આગ્રહ કર્યો. તપસ્વી રાજાના આગ્રહને માન આપી ત્યાં જ રહેવા લાગ્યા.

રાજકુમાર ખરાબ સંગતમાં પડી ગયેલ હતો. તે દિવસે ને દિવસે બગડી રહ્યો હતો, તેથી રાજાને આ બાબતની ચિંતા હતી. એક દિવસ રાજાએ રાજકુમારની વાત તપસ્વીને કરી અને કહ્યું – "રાજકુમાર ખરાબ સંગતમાં પડીને દિવસે ને દિવસે બગડી રહ્યો છે. પોતાની હરકતોથી તે પ્રજામાં પણ અશાંતિ ફેલાવી રહ્યો છે. જેથી પ્રજા પણ કંટાળી ગયેલ છે. આપ એને સુધારી શકો તો રાજને ખૂબ લાભ થશે અને મારી ચિંતા પણ દૂર થશે."

તપસ્વીએ કહ્યું – "રાજકુમારને મારી પાસે મોકલતા રહો."

રાજકુમાર રાજાના કહેવાથી તપસ્વીની પાસે જવા લાગ્યો તપસ્વી કોઈને કોઈ વિષય ઉપર દરરોજ વાતો કરતા હતા. એક દિવસ તપસ્વીએ એક નાનકડાં લીમડાનો છોડ

જોયો. એમાં માત્ર બે જ પાંદડા હતાં. વાત વાતમાં તપસ્વીએ રાજકુમારને એક પાંદડું તોડીને ચાખવાનું કહ્યું. રાજકુમારે પાંદડું ચાખ્યું. અને તરત જ થૂ-થૂ કરવા લાગ્યો. પાંદડું ખૂબ જ કડવું હતું. એના મોઢામાં કડવાશ ફેલાઈ ગઈ. રાજકુમારે કહ્યું નાનકડું પાંદડું આટલું કડવું છે તો મોટુ ઝાડ થશે ત્યારે કેટલું કડવું થશે. ! આવું કહીને રાજકુમારે નાનકડા છોડને ઉખાડીને ફેંકી દીધો.

તપસ્વીએ રાજકુમારને કહ્યું – "આ કડવો હતો, એટલા માટે એને ઉખાડી ફેંકી દીધો. એટલે તમે પણ કડવા રહેશો તો તમને પણ આવી જ રીતે લોકો મસળીને ફેંકી દેશે. તમે પણ આવી રીતે ઉખડી જશો."

રાજકુમારના હૃદય ઉપર તપસ્વીની વાતનો ઘણો પ્રભાવ પડ્યો. તે બીજાની સાથેના પોતાના વ્યવહાર વિષે વિચારવા લાગ્યો. તેણે ખરાબ સંગત છોડી દીધી અને પોતાનો વ્યવહાર સારો બનાવતો ગયો. સમય જતાં તે એક સારો રાજકુમાર બની ગયો. લોકો રાજકુમારના બદલાયેલા વ્યવહારથી ખૂબ ખુશ થયા.

દિનેશકુમાર પ્રજાપતિ